Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા)
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

નં.ડીએમ/લો.સ.ચટણ/૦૪/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૨૫/૦૩/૨૦૨૪

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું

ભારતના ચૂંટણી આયોગ દ્વારા તા.૧૨/૧૧/૦૭ ના પત્ર ક્રમાંક:૪૩૭/૬/૨૦૦૭ (INST)-PLN-III થી બહાર પાડવામાં આવેલ સુચના મુજબ **લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪** અનુસંધાને કોઇપણ ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઇપણ રાજકીય પક્ષ કે કોઇપણ વ્યકિત/સંસ્થાને ચૂંટણીના હેતુ માટે ખોલવાનું થતું ચૂંટણી કાર્યાલય ઉકત ચૂંટણી માટે નિયત થયેલ મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં તેમજ કોઇપણ માન્ય શૈક્ષણિક સંસ્થા/હોસ્પિટલ તેમજ ધાર્મિક સ્થળની લગોલગ ખોલવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. ઉપર જણાવેલ વિસ્તારમાં ચૂંટણી કાર્યાલયો ખોલવામાં આવે તો વિદ્યાર્થીઓને, દર્દીઓને, દર્શનાર્થીઓ/શ્રધ્ધાળુઓને તેમજ મતદાનના દિવસે મતદારોને વિક્ષેપ પડવાની અને ટ્રાફીકની ગેરવ્યવસ્થા થવાની પુરેપુરી સંભાવના રહે છે. જેના કારણે જાહેર સુલેહ શાંતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરિત અસર પડી શકે છે.

ભારતના ચૂંટણી પંચે બહાર પાડેલ ચૂંટણી આચાર સંહિતાના અમલ માટે તથા જામનગર જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી પગલા લેવા જરૂરી છે.

તેથી, **હું, ભાવેશ એન. ખેર જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ, આથી ફરમાવુ છું કે : જામનગર જિલ્લાના હદ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

-: કૃત્યો :-

૧. ચૂંટણીના હેતુ માટે ખોલવાનું થતું **ચૂંટણી કાર્યાલય** ઉકત ચૂંટણી માટે નિયત થયેલ **મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં** તેમજ કોઇપણ માન્ય શૈક્ષણિક સંસ્થા/હોસ્પિટલ તેમજ ધાર્મિક સ્થળ/સંકુલની લગોલગ ખોલવા માટે પ્રતિબંધ ફરમાવામાં આવે છે.

૨. ઉપરોકત હુકમનું પાલન થાય તે રીતે ખોલવામાં આવેલા ચૂંટણી કાર્યાલયમાં પાર્ટી સિમ્બોલ/ફોટોગ્રાફ વાળા ફક્ત એક જ પાર્ટી ફ્લેગ અને બેનર લગાવી શકાશે. આવા બેનરની સાઇઝ **"૪ ફુટ x ૮ ફુટ"** ની મર્યાદામાં રાખવાની રહેશે.

૩. કોઇપણ જાહેર કે ખાનગી મિલકતમાં અનધિકૃત કબજો/દબાણ કરીને ચૂંટણી કાર્યાલય ખોલી શકાશે નહી.

૪. સ્થાનિક સત્તામંડળના જે કોઇ નિયંત્રણો લાગુ પડતા હશે તેનું પાલન કરવાનું રહેશે.

૫. ચૂંટણીના સંદર્ભમાં અમલમાં રહેલી આદર્શ આચારસંહિતા અને ખર્ચ સબંધી નિયંત્રણોનું પાલન થાય તે જોવાનું રહેશે.

આ હુકમ લોકસભા સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી (તા.૦૬/૦૬/૨૦૨૪ સુધી) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા.૨૯માહે : માર્ચ, ૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીની મોહર લગાડી આ જાહેનામું બહાર પાડ્યુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:–

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર
૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર
૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો ધ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારુ.

૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ
૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬–કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ
૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭–જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)
૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮–જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)
૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯–જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર
૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦–જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર
૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)
૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા
૧૨) થાણા ઈન્ચાર્જશ્રી, .......................... પો. સ્ટેશન, જિ.જામનગર (તમામ)
૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

**નકલ સવિનય રવાના:-**

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩) રજિસ્ટ્રારશ્રી, નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટ, જામનગર

Office of the District Magistrate
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District